# GPSC CLASS 1 & 2

# * વિદ્યાશકિત *

- અત્યાર સુધીની સૌથી અઘરી ગણાયેલ GPSC CLASS 1 & 2 ની પ્રિલીમ પરીક્ષાનાં પેપરમાં નાનકડા વિદ્યાશક્તિ મેગેઝીનનો દબદબો
- કરન્ટ અફેર્સનાં પ્રશ્નોમાં ૨૪ પ્રશ્નો વિદ્યાશક્તિ મેગેઝીનમાંથી બેઠેબેઠા પુછાયા.
- પ્રશ્નો સાથેના જવાબો જુઓ સ્પેશ્યલ અંકમાં
- સંપાદક – દરબાર સહદેવસિંહ
માળિયા હાટીના ( જિ-જુનાગઢ)

# પેપર -૧ સીરીઝ E

**(1) પ્રશ્ન નં -૯૧- ધ પ્રોબ્લેમ ઓફ રૂપી એન્ડ ઇટ્સ ઓરીઝીંન પુસ્તકના લેખક કોણ છે ?**

**જવાબ -અંક બેકીંગ સ્પેશિયલ એડીશન / ૧૨ જાન્યુ ૨૦૧૭**

-ડો. આંબેડકરે બેંકની કાર્ય કરવાની પધ્ધતિ અને તેનો દ્રષ્ટીકોણ હિલ્ટન યંગ કમિશન સમક્ષ રાખ્યો હતો. હિલ્ટન યંગ કમિશને ડો. આંબેડકરે લખેલ " ધ પ્રોબ્લેમ્સ ઓફ રૂપી-ઇટ્સ ઓરીઝીન એન્ડ ઇટ્સ સોલ્યુશન " ની જોરદાર પ્રસંશા કરી હતી. અને તેની ઘણી બાબતો ભારતીય રિઝર્વ બેંક અધિનિયમ-૧૯૩૪માં સમાવી લેવાય હતી.

# પેપર -૨ સીરીઝ E

**(2) પ્રશ્ન -૧૧-ચેનાની –નાશરી ટનલ ક્યા ધોરીમાર્ગ પર છે ?**

**જવાબ -અંક ૧૮/ભારત વિભાગ**

» પ્રધાનમંત્રી એ જમ્મુમાં એશિયાની સૌથી લાંબી હાઇવે ટનલ જાહેર વાહન વ્યવહાર માટે ખુલ્લી મુકી. ઉધમપુર જિલ્લાનાં ચેનાનીને રામબન જિલ્લાનાં નાશરી સાથે જોડતી આ ટનલ નેશનલ હાઇવે નં-૪૪ પર આવેલ છે. ૨૫૦૦ કરોડનાં ખર્ચે તૈયાર થયેલ ૯.૨ કિમી લાંબી ટનલ સમગ્ર વર્ષ કાર્યરત રહેશે.

**(3) પ્રશ્ન -૧૩–ક્યા શહેરોમાં દૈનિક ધોરણે પેટ્રોલ ડીઝલનાં ભાવ વધ ઘટ થશે ?**

**જવાબ -અંક ૨૧/ આર્થિક વિભાગ**

» દેશનાં ૫ શહેરોમાં હવે પેટ્રોલ-ડીઝલનાં ભાવ આંતરરાષ્ટ્રીય બજારની જેમ કાયમી વધ ઘટ થશે. આ ૫ શહેરો પોંડીચેરી,વિઝાગ,ઉદયપુર ,જમશેદપુર અને ચંદીગઢ છે.

**(4) પ્રશ્ન -૧૬ બીસીસીઆઇની વહીવટદારોની સમિતીનાં સભ્ય કોણ નથી ?**

**જવાબ -અંક ૧૧ /રમતજગત વિભાગ**

» બીસીસીઆઇનું કામકાજ ચલાવવાં માટે સુપ્રિમકોર્ટે પુર્વ કેગ વિનોદ રાયની અધ્યક્ષતામાં ચાર સભ્યોની પેનલ નીમી.. તેનાં અન્ય સભ્યમાં ઇતિહાસકાર રામચંદ્ર ગુહા, ભારતીય મહિલા ક્રિકેટ ટીમનાં પુર્વ કેપ્ટન ડાયના અડુલજી અને વિક્રમ લિમયેનો સમાવેશ થાય છે

**(5) પ્રશ્ન -૧૭ માતોશ્રી પુસ્તકનાં લેખક કોણ છે ?**

**જવાબ -અંક ૨૧ /ભારત વિભાગ**

» લોકસભાનાં સ્પીકર સુમિત્રા મહાજન લીખીત "માતોશ્રી" પુસ્તકનું પ્રધાનમંત્રીનાં હસ્તે વિમોચન કરાયું. આ પુસ્તક હોલકર સામ્રાજયનાં રાણી અહલ્યાબાઇનાં જીવન પર આધારીત છે.

**(6) પ્રશ્ન -૨૩ ગીફટ સિટીમાં ક્યા દેશે માનદ વાણિજય દૂતાવાસ શરૂ કર્યું ?**

**જવાબ -અંક ૨૩ /ગુજરાત વિભાગ**

» ગાંધીનગરની ગીફટ સિટીમાં બેલ્જિયમે ઓનરરી કોન્સ્યુલેટ ઓફિસ શરૂ કરી. ઓનરરી કોન્સ્યુલેટ તરીકે હરિ શંકરની નિમણુંક. ગીફટ સિટીમાં કોન્સ્યુલેટ શરૂ કરનાર પ્રથમ દેશ બેલ્જિયમ બન્યો.

(7) **પ્રશ્ન -૨૯ અરૂણ ૩ હાઇડ્રો ઇલેક્ટ્રીક પ્રોજેકટ ક્યા દેશમાં ભારત રોકાણ કરશે ?**

**જવાબ -અંક ૧૪ /ભારત વિભાગ**

» ભારત નેપાળમાં શંખુવાસભા જિલ્લામાં અરૂણ નદી પર ૯૦૦ મેગાવોટની અરૂણ-૩ જળવિધુત પરિયોજનાં બનાવશે.

**(8) પ્રશ્ન -૪૧ હેપીનેસ રીપોર્ટમાં ભારત કેટલામાં સ્થાને છે ?**

**જવાબ -અંક ૧૮ /વિશ્વ વિભાગ**

» વર્લ્ડ હેપીનેસ રીપોર્ટમાં ભારત ૧૨૨માં ક્રમે. ગત વર્ષની સરખામણીમાં ૪ અંક પાછળ ધકેલાયું. ડેન્માર્કને પછાડીને નોર્વે બન્યો સૌથી ખુશાલ દેશ. ખુશીની બાબતમાં ચીન, પાકિસ્તાન, બાંગ્લાદેશ,નેપાળ ,ભુતાન પણ ભારત કરતા આગળ.

**(9) પ્રશ્ન -૧૨૬ ક્યા પાડોશી દેશોને ભારતે વિજળી નિકાસ કરી ?**

**જવાબ -અંક ૧૯ /આર્થિક વિભાગ**

» ઇતિહાસમાં પ્રથમવાર ભારત જરુરીયાત કરતા વધુ વિજળી ઉત્પન કરીને વિજળીનો નિકાસ કરતો દેશ બન્યો.૨૦૧૫-૧૬માં ભારતે નેપાળ, બાંગ્લાદેશ અને અને મ્યાનમારને ૫૭૯ કરોડ યુનિટની નિકાસ કરી

**(10) પ્રશ્ન -૧૫૧ વિશ્વ બેંકે ક્યા જળમાર્ગ માટે લોન મંજુર કરી ?**

**જવાબ -અંક ૨૨ /ભારત વિભાગ**

વિદ્યાશક્તિ

» વિશ્વબેંકે ગંગાનદી પરનાં હલ્દીયા(બંગાળ) અને વારાણસી વચ્ચેનાં જળમાર્ગને વિકસાવવા માટે ૩૭૫ મિલિયન ડોલરની લોન મંજુર કરી. ૧૯૮૬માં આ માર્ગને નેશનલ વોટર હાઇવે નં-૧ જાહેર કરાયો છે.

**(11) પ્રશ્ન -૧૫૩ કઇ બે નદીઓને જીવંત વ્યકિત જાહેર કરાય ?**

**જવાબ -અંક ૧૮ /ભારત વિભાગ**

» ઉતરાખંડ (નૈનીતાલ) હાઇકોર્ટે ગંગા-યમુનાને વ્યક્તિ સમાન અધિકારો આપવા માટે નિર્દેશ કર્યા. સરકારને ૮ સપ્તાહમાં ગંગા પ્રબંધન બોર્ડ બનાવવાનો આદેશ. ઉલ્લેખનીય છે કે ન્યુઝીલેન્ડમાં વાંગાનુઇ નદીને તાજેતરમાં જ આવા અધિકાર આપવામાં આવ્યા છે.

**(12) પ્રશ્ન -૧૫૫ ક્યા દેશે હિન્દુ મેરેજ બિલ પાસ કર્યુ ?**

**જવાબ -અંક ૧૪ /વિશ્વ વિભાગ**

» પાકિસ્તાનમાં હિંદુ મેરેજ બિલ પાસ કરાયું.હવે હિંદુઓને લગ્ન નોંધણીનો અધિકાર મળશે.

**(13) પ્રશ્ન -૧૬૧ VVPAT પુરૂ નામ ?**

**જવાબ -અંક ૨૨ /ભારત વિભાગ**

» EVM (ઇલેકટ્રોનિક વોટીંગ મશીન) સાથે VVPAT (વોટર વેરીફેબલ પેપર ઓડિટ ટ્રેલ ) લગાવવા માટે કેન્દ્ર સરકારે ૩૧૭૩ કરોડની ગ્રાન્ટ ફાળવી. ગુજરાત અને હિમાચલપ્રદેશની ચુંટણીઓમાં VVPAT વાપરવામાં આવશે. આ VVPAT થી મતદાતા એ બાબતની ખાતરી કરી શકે છે કે પોતે જે પક્ષને મત આપ્યો છે તેને જ EVM માં ગયો છે કે નહિ. જો કે આ પ્રિન્ટ મતદાન મથક પર જ રાખવામાં આવશે.

**(14) પ્રશ્ન -૧૭૪ ભારતની પ્રથમ પેમેન્ટ બેંક ?**

**જવાબ -અંક ૧૧ /આર્થિક વિભાગ**

» પોસ્ટલ ડીપાર્ટમેંટને આરબીઆઇ દ્વારા પેમેંટ બેંકનું લાઇસન્સ અપાયું. ભારતીય એરટેલ અને પેટીએમ બાદ પેમેન્ટ બેંકનું લાઇસન્સ મેળવનાર પોસ્ટ ડીપાર્ટમેન્ટ ત્રિજી કંપની છે

**(15) પ્રશ્ન -૧૮૪ ભારતમાં આરોગ્ય ખર્ચ જીડીપીનાં કેટલા ટકા લઇ જવાનો પ્રસ્તાવ છે ?**

**જવાબ -અંક ૧૭ /ભારત વિભાગ**

» આરોગ્યમંત્રી જે.પી.નડ્ડાની ઉપસ્થિતિમાં કેન્દ્રીય કેબીનેટે રાષ્ટ્રીય હેલ્થ પોલીસીને મંજુરી આપી. આ પોલીસી અંતર્ગત દરેક દર્દીને સરકારી ઇલાજની સુવિધા મળશે અને દર્દીને ઇલાજ માટે કોઇ હોસ્પીટલ ના નહિ પાડી શકે. આ ઉપરાંત સ્વાસ્થય વિમા આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે આરોગ્ય પર હાલમાં દેશની જીડીપી નો માત્ર ૧.૦૪ % જ ખર્ચ થાય છે, તેને ૨.૫% સુધી લઇ જવાશે.

**(16) પ્રશ્ન -૧૮૮ સાગરમાથા મૈત્રી ૨૦૧૧ યુધ્ધાભ્યાસ કયા બે દેશ વચ્ચે યોજાય છે ?**

**જવાબ -અંક ૨૨ /વિશ્વ વિભાગ**

» નેપાળ-ચીન વચ્ચે "સાગરમાથા ફ્રેન્ડશિપ-૨૦૧૭" યુદ્ધ અભ્યાસ શરૂ થયો. માઉન્ટ એવરેસ્ટને સાગરમાથા પણ કહેવાય છે.

**(17) પ્રશ્ન -૭૦ કોમોવ હેલિકોપ્ટર નું ઉત્પાદન ભારત ક્યા દેશ સાથે કરશે. ?**

**જવાબ -અંક ૨૯/વિજ્ઞાન/ સંરક્ષણ વિભાગ**

» હિન્દુસ્તાન એરોનોટીક્સ અને રશિયાની કંપની રોસોબોરોનેક્ષપોર્ટ સંયુકત રીતે કામોઉ હેલિકોપ્ટરનું ઉત્પાદન ટુંક સમયમાં શરૂ કરશે. ડબલ એન્જીનવાળા મલ્ટી યુટીલીટી કામોઉ હેલિકોપ્ટર ચેતક અને ચીતા હેલિકોપ્ટરની જગ્યા લેશે.

(18) **પ્રશ્ન -૯૦ હર્બલ બીજીઆર-૪ દવા ક્યા રોગ માટે છે . ?**

**જવાબ -અંક ૨૬/વિજ્ઞાન/ સંરક્ષણ વિભાગ**

» વિશ્વની ટોપ-૨૦ દવાઓમાં પ્રથમવાર આર્યુવૈદિક દવાને સ્થાન મળ્યુ. ડાયાબીટીશની બીજીઆર-૩૪નામની આ દવાનું ઉત્પાદન સીએસઆઇઆર અને એનબીઆઇઆર દ્વારા કરવામાં આવે છે.

(19) **પ્રશ્ન -૯૬ NIHONIUM, MOSCOVIUM ,TENNESSINE વગેરે શુ છે ?**

**જવાબ -અંક ૩ /વિજ્ઞાન/ સંરક્ષણ વિભાગ**

» ઇન્ટરનેશલ યુનિયન ઓફ પ્યોર એન્ડ એપ્લાઇડ કેમેસ્ટ્રી દ્વારા આધિકારીક રીતે આવર્ત કોષ્ટકમાં ૪ નવા તત્વ ઉમેરવામાં આવ્યા છે. જેમાં

(૧)૧૧૩ નંબર પર નિહોનિયમ- સંજ્ઞા-Nh (જાપાની શબ્દ નિહોન પરથી નામ અપાયુ).

(૨)૧૧૫ નંબર પર મોસ્કોવિયમ-સંજ્ઞા-Me (રશિયાની રાજધાની મોસ્કો પરથી નામ અપાયું )

(૩)૧૧૭ નંબર પર ટેન્નેસીન–સંજ્ઞા-Ts- (અમેરિકી પ્રાંત ટેન્નેસીન પરથી નામ અપાયું)

(૪)૧૧૮ નંબર પર ઓર્ગેનિશોન–સંજ્ઞા-Og (રશિયાના વૈજ્ઞાનીક ના નામ પરથી નામ અપાયું.)

ઉલ્લેખનીય છે કે સર્વ પ્રથમ ૧૮૬૯માં મેન્ડેલીફે આવર્ત કોષ્ટક બનાવ્યુ હતું.

**(20) પ્રશ્ન -૧૦૪ ઇસરોનું ભારે રોકેટ લોંચર ક્યુ છે ?**

**જવાબ -અંક ૧૪/વિજ્ઞાન/ સંરક્ષણ વિભાગ**

» ઇસરોએ GSLV mak-3 માટે સ્વદેશમાં નિર્મીત ક્રાયોજેનિક એન્જીનનાં અપર સ્ટેજનું સફળ પરીક્ષણ કર્યુ. તેને લીધે ઇસરો ૪૦૦૦ કિ.ગ્રા સુધીનાં પેલોડ લઇ જઇ શકશે.

(21) **પ્રશ્ન -૧૭૮ ભારતીય નૌસેનાના ક્યા વિમાનોને નિવૃત કરવામાં આવ્યા ?**

**જવાબ -અંક ૧૯/વિજ્ઞાન/ સંરક્ષણ વિભાગ**

» દેશની ૨૯ વર્ષોથી સેવા કરતાં નૌસેનાનાં TU142M વિમાનોને નિવૃત કરાયા. રશિયામાં બનેલ લોંગ રેંન્જ મેરીટાઇમ પેટ્રોલ વિમાનો ૪ એંજીન ધરાવ છે. આ વિમાનોએ માલદીવનાં ઓપરેશન કેક્ટસમાં મહત્વનો ભાગ ભજવ્યો હતો.

**(22) પ્રશ્ન -૧૭૯ DRDO SWATI ?**

**જવાબ -અંક ૧૫/વિજ્ઞાન/ સંરક્ષણ વિભાગ**

» સંરક્ષણમંત્રી મનોહર પારિકર ની ઉપસ્થિતીમાં DRDO એ દેશનાં રક્ષણ માટે 3 પ્રોડકટ સેનાને સોંપી

(૧) વેપન લોકેટીંગ રડાર સ્વાતી- દુશ્મનનાં હથિયારો શોધી અને નષ્ટ કરવામાં સક્ષમ

(૨) એનબીસી રેકી વ્હીકલ- ન્યુકિલિયર, બાયોલોજીકલ અને કેમિકલ્સ હથિયારો શોધી કાઢવા સક્ષમ

(3) એનબીસી મેડીકલ કીટ-ન્યુકિલિયર,બાયોલોજીકલ અને કેમિકલ હથિયારોનાં પ્રભાવોથી બચાવનારી દવા

**(23) પ્રશ્ન -૧૮૦ એનએસજીમાં સભ્ય દેશ કેટલા છે ?**

**જવાબ -અંક ૨૭/વિશ્વ વિભાગ**

» NSG(ન્યુકિલયર સપ્લાયર ગ્રુપ) નાં ૪૮ દેશોનું પુર્ણ અધિવેશન સ્વિત્ઝરલેન્ડના બર્નમાં યોજાશે.

**(24) પ્રશ્ન -૧૮૧ અમેરિકાએ અફઘાનિસ્તાન ફેકેલો બોમ્બ ?**

**જવાબ -અંક ૨૧/વિશ્વ વિભાગ**

» અમેરિકી સેનાએ અફઘાનિસ્તાનનાં નાગરહાર પ્રાંતનાં અચિન જિલ્લામાં ખોરાસન સુંરગ પર સૌથી શક્તિશાળી બિન પરમાણું બોમ્બ ફેક્યો. અત્યાર સુધીનો સૌથી મોટો બિનપરમાણુ બોમ્બ GBU-43B નું વજન ૨૧૬૦૦ પાઉન્ડ છે. જીપીએસ નિર્દેશીત આ બોમ્બ MOAB(Massive Ordnance Air Blast) નાં નામે ઓળખાય છે.